# મે.કઠલાલના એડીશનલ સિવિલ જજ સાહેબની કોર્ટમાં, મુ.કઠલાલ.

================================================

**રેગ્યુલર દીવાની મુકદ્દમા નં.૫/૨૦૨૨**

================================================

**અરજદાર (મૂળ પ્રતિવાદીઓ) :–** નરેન્દ્રકુમાર ચંદુભાઈ પટેલ તથા અન્યો

**વિરુધ્ધ**

**સામાવાળા (મૂળ વાદીઓ) :–** નીતાબેન પ્રફુલભાઈ શાહ તથા અન્યો

================================================

**અરજદાર તરફે વિ.વ.શ્રી:** આર. આર. ત્રિવેદી

**સામાવાળા તરફે વિ.વ.શ્રી:** એમ. એમ. કાઝી

================================================

**:: આંક–૧૧ની અરજી અન્વયે સી.પી.સી.ના ઓર્ડર–૭, રૂલ–૧૧ અન્વયે હુકમ ::**

**(૧)** આ કામના અરજદાર (મૂળ પ્રતિવાદીઓ) હાલની અરજી વાદીનો દાવો નામંજુર કરવા માટે ઓર્ડર–૭, રૂલ–**૧૧** અન્વયે તથા કલમ–૧૫૧ મુજબ હાલની અરજી દાખલ કરેલ છે.

**(૨)** વાદીના દાવાની ટુંકમાં હકીકત એવી છે કે, વાદીએ હાલનો દાવો તકરારી રસ્તા અન્વયે તકરારી રસ્તામાં આવવા જવાનો તેમના રસ્તાનો હક્ક આવેલ છે તે **જાહેર કરવા** માટે તથા આ તકરારી રસ્તાનો ઉપયોગ બાબતે આ કામના પ્રતિવાદીઓ કોઈ હેલો, હરકત અટકાવ કરે કરાવે નહીં તે માટે વાદીની તરફેણમાં પ્રતિવાદી વિરૂધ્ધ **જાથુનો મનાઈ હુકમ** મેળવવા માટે કરેલ છે.

**(૩)** આ કામના અરજદાર દ્વારા આંક–૧૧ અન્વયે વાદીનો દાવો નામંજુર કરવા અર્થે અરજી કરેલ છે, જેની ટુંકમાં હકીકત નીચે મુજબ છે.

**(૩.૧)** આ દાવાના પ્રતિવાદી નં.૩ અને જનાઓએ આ કામના પ્રતિવાદી નં.૧ અને ૨ વિરૂધ્ધ રેગ્યુલર દિવાની મુકદમા નં.૧૦૦/૨૦૦૪ નો દાવો કપડવંજના મે.સિવીલ જજ

સાહેબની કોર્ટમાં આ જ રસ્તાના હક્કો અને દબાણ દુર કરવા માટે કરેલ. ત્યારબાદ કઠલાલ કોર્ટ અસ્તિત્વમાં આવતા મજકુર દાવો કઠલાલ કોર્ટમાં ટ્રાન્સફર થતા તેનો નવો નં.૧૦૪/૨૦૧૨ પડેલ. જે દાવાના અનુસંધાને આ કામના પ્રતિવાદી નં.૧ અને ૨નાએ આ રસ્તા બાબતે પ્રતિવાદી નં.૩ અને ૪નાઓની સાથે સમાધાન કરેલું અને સમાધાન મુજબ ભવિષ્યમાં તે રસ્તા બાબતે કોઈ તકરાર કરવી નહીં કે કોઈ રસ્તાનો અટકાવ કરવો નહીં કે રસ્તાનું કોઈ દબાણ કરવું નહીં, તે મતલબનો પ્રતિવાદી નં.૧ થી ૪ નાઓ વચ્ચે અંદરો અંદર સમાધાન કરેલ, જેને લઈને પ્રતિવાદી નં.૩ તથા ૪નાઓએ દિવાની દાવા નં.૧૦૪/૨૦૧૨નો દાવો વિડ્રો કરેલ છે. જે હકીકત ધ્યાને લેતા હાલના દાવાને સિવીલ પ્રોસીજર કોડની કલમ–૧૧ મુજબ "રેસજયુડીકેટા"નો બાધ નડતો હોઈ હાલનો દાવો પ્રતિવાદીએ નામંજુર કરવા અરજ ગુજારેલ છે.

**(૩.૨)** ત્યારબાદ અરજદાર વધુમાં જણાવે છે કે, વાદીઓએ આ કામના પ્રતિવાદી નં.૩, ૪ પાસેથી દાવાવાળી જમીન તા.૨૯–૯–૨૦૦૯ના રોજ રજીસ્ટર વેચાણ દસ્તાવેજ નં.૧૪૬૫/૨૦૦૯ થી વેચાણ રાખેલ છે. જેથી જો રસ્તા અંગેની કોઈપણ તકરાર હોય તો આ કામના વાદીઓએ આ કામના પ્રતિવાદી નં.૩, ૪ પાસેથી મજકુર જમીન વર્ષ–૨૦૦૯માં વેચાણ રાખી તેના ત્રણ વર્ષની અંદર કાયદેસરની કાર્યવાહી કરવી જોઈતી હતી, પરંતુ વાદીએ આશરે ૧૩ વર્ષ બાદ હાલનો દાવો દાખલ કરી રસ્તા અંગે તકરાર ઉઠાવેલ છે. વાદીના દાવાને લિમીટેશન એકટની જોગવાઈનો બાધ નડે છે.

આમ, ઉપરોકત તમામ હકીકતોના આધારે હાલના અરજદારે સામાવાળા એટલે કે મૂળ વાદીઓના દાવાને સિવીલ પ્રોસીજર કોડની કલમ–૧૧ મુજબ "રેસજયુડીકેટા"નો બાધ નડતો હોઈ તેમજ સમયમર્યાદા અધિનિયમનો બાધ નડતો હોઈ સિવીલ પ્રોસીજર કોડના ઓર્ડર–૭, રૂલ–૧૧(ડી) મુજબ હાલનો દાવો નામંજુર કરવા અરજ ગુજારેલ છે.

**૪.** હાલના કામે સામાવાળા એટલે કે મૂળ વાદીઓએ હાલની અરજી અન્વયે કોઈ જવાબ રજુ કરેલ ન હોઈ તેમનો જવાબનો હક્ક બંધ કરવામાં આવેલ છે.

**૫.** અરજદારના વકીલશ્રીને સાંભળ્યા. અરજદારના વકીલશ્રીએ પોતાની આંક–૧૧ની લેખિત અરજી મુજબની જ દલીલો કરેલ છે અને વધુમાં તેઓ હાલના દાવાને "રેસજયુડીકેટા" તેમજ સમયમર્યાદા અધિનિયમનો બાધ નડતો હોઈ દાવો નામંજુર કરવા અરજ ગુજારેલ છે.

સામાવાળા તરફે યોગ્ય સમયમર્યાદામાં દલીલો કરવામાં ન આવતા તેઓને દલીલોનો હક્ક બંધ કરવામાં આવેલ છે.

**(૬) કોર્ટના તારણો અને નિષ્કર્ષ:**

સદરહું અરજીના નિર્ણય પહેલા અત્રેની કોર્ટ દ્વારા સિવિલ પ્રોસિજર કોડના ઓર્ડર–૭, રૂલ–૧૧ ની જોગવાઈ ધ્યાને લેતા જે નીચે મુજબ છે.

**Order-7 Rule-11:The plaint shall be rejected in the following cases:--**

(a) where it does not disclose a cause of action;

(b) where the relief claimed is undervalued, and the plaintiff, on being required by the court to correct the valuation within a time to be fixed by the court, fails to do so;

(c) where the relief claimed is properly valued but the plaint is written upon paper insufficiently stamped, and the plaintiff, on being required by the court to supply the requisite stamp paper within a time to be fixed by the court, fails to do so;

(d) where the suit appears from the statement in the plaint to be barred by any law;

(e) where it is not filed in duplicate;

(f) where the plaintiff fails to comply with the provisions of Rule 9:

Provided that the time fixed by the court for the correction of the valuation or supplying of the requisite stamp-papers shall not be extended unless the court, for reasons to be recorded, is satisfied that the plaintiff was prevented by any cause of an exceptional nature from correcting the valuation or supplying the requisite stamp-paper, as the case

may be, within the time fixed by the court and that refusal to extend such time would cause grave injustice to the plaintiff.

**૬.૧.** હાલની અરજી અન્વયે પ્રતિવાદીએ જણાવેલ છે કે, હાલના દાવાને "રેસજયુડીકેટા"નો બાધ નડેલ છે, જે સંજોગોમાં પ્રતિવાદી દ્વારા નિશાની નં.૧૨/૧ થી રે.દિ.મુ. નં.૧૦૪/૨૦૧૨માં જે હુકમ કરવામાં આવેલ છે તે હુકમ અને દાવા અરજીની નકલ જોડેલ છે. આ દાવા અરજી ધ્યાને લેવામાં આવે તો સૌપ્રથમ આ કામના વાદીઓ ઉપરોકત હુકમ તેમજ દાવા અરજીના પક્ષકારો તરીકે જણાઈ આવતા નથી. વધુમાં ઉપરોકત દાવાના ગુણદોષના આધારે નિકાલ થયેલ જણાઈ આવતો નથી, જેથી હાલના સામાવાળા એટલે કે મુળ વાદીઓને "રેસજયુડીકેટા"નો બાધ નડતો હોઈ તેમ જણાઈ આવતું નથી. વધુમાં નામદાર સુપ્રિમ કોર્ટે **Keshav Sood Versus Kirti Pradeep Sood, 2023 (0) AIJEL-SC 72971** ના ચુકાદામાં જણાવેલ છે કે, "રેસજયુડીકેટા" નો વિષય ઓર્ડર–૭, રૂલ–૧૧ ની અરજીના સંદર્ભમાં નક્કી કરી શકાય નહિં તેમજ તેના આધારે દાવો નાંમજુર થઈ શકે નહી જે ચુકાદાના અવલોકન નીચે મુજબ છે.

**5.** As far as scope of Rule 11 of Order VII of CPC is concerned, the law is well settled. The Court can look into only the averments made in the plaint and at the highest, documents produced along with the plaint. The defence of a defendant and documents relied upon by him cannot be looked into while deciding such application.

**6.** Hence, in our view, **the issue of res judicata could not have been decided on an application under Rule 11 of Order VII of CPC.** The reason is that the adjudication on the issue involves consideration of the pleadings in the earlier suit, the judgment of the Trial Court and the judgment of the Appellate Courts. Therefore, we make it clear that neither the learned Single Judge nor the Division Bench at this stage could have decided the plea of res judicata raised by the appellant on merits.

**(૬.૨)** વધુમાં અરજદાર જણાવે છે કે, હાલના દાવાને લિમીટેશનનો બાધ નડે છે અને વાદીએ ૧૩ વર્ષ બાદ હાલનો દાવો કરી રસ્તા અંગે તકરાર ઉઠાવેલ છે. વાદીએ વર્ષ–૨૦૦૯ માં

હાલની જમીનનું વેચાણ રાખી ત્યારથી ૩ વર્ષમાં હાલનો દાવો દાખલ કરવો જોઈતો હતો, પરંતુ અત્રેની કોર્ટ દ્વારા વાદીની દાવા અરજી ધ્યાને લેવામાં આવે તો વાદીએ પોતાની દાવા અરજીમાં કોઝ ઓફ એકશન બાબતે જણાવેલ છે કે, છેલ્લા ત્રણ માસથી પ્રતિવાદીઓ આ તકરારી રસ્તો બંધ કરવાની કોશીષ કરી રહેલા હોઈ જેથી હાલનો દાવો કરવાની જરૂરિયાત પડેલ છે. વધુમાં વાદીને દાવો કરવા માટેનું કારણ (કોઝ ઓફ એકશન) કયારે ઉત્પન્ન થયેલ છે, તે હકીકત પુરાવો લીધા સિવાય હાલના તબક્કે નક્કી કરી શકાય તેમ નથી. વધુમાં વર્ષ–૨૦૧૬ માંજ આ કામના પ્રતિવાદીઓ વચ્ચે આ રસ્તા બાબતે સમાધાન થયેલ. આ ઉપરાંત પ્રતિવાદી દ્વારા નિશાની નં.૧૨/૧ થી જે હુકમ કરેલ છે તે હુકમ પણ તા.૨–૧–૨૦૧૬ ના રોજનો હોઈ તેમજ આ જ રસ્તા બાબતે તે હુકમમાં સમાધાન કરવામાં આવેલ હોઈ જેથી ૨૦૧૬ સુધી તો વાદીએ હાલનો દાવો કરવાનું કોઈ કારણ જણાતું ન હતું, એમ અત્રેની કોર્ટનું માનવું છે. ત્યારબાદ વર્ષ–૨૦૧૬ પછી હાલના સમયે કદાચ આ કામના પ્રતિવાદીઓ દ્વારા રસ્તા બાબતે અડચણ ઉભી કરેલ હોઈ શકે જે બધી બાબતો પુરાવો લીધા સિવાય હાલના તબક્કે નક્કી કરી શકાય નહિં. જેથી પ્રથમદર્શીય રીતે વાદીએ હાલનો દાવો  કોઝ ઓફ એકશન ઉભુ થયાના સમયમર્યાદામાં કરેલ હોય એમ અત્રેની કોર્ટનું માનવું છે.

**(૬.૩)** આમ, ઉપરોક્ત દાવાની તમામ હકીકતો, પ્રતિવાદીઓની અરજી ધ્યાને લઇને તેમજ નામદાર સુપ્રિમકોર્ટના ચુકાદાઓને ધ્યાનમાં રાખીને ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## ::– હુકમ::–

**૧.** આ કામના અરજદાર (મુળ પ્રતિવાદીઓ) ની આંક–૧૧ ની અરજી ની અરજી મંજુર કરવામાં આવે છે.

**૨.** ખર્ચ અંગે કોઇ હુકમ નથી.

હુકમ આજરોજ તા.૨૬ મી નવેમ્બર, ૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

**સ્થળઃ–કઠલાલ.**

**તા.૨૬–૧૧–૨૦૨૪**

**(મોહંમદફરહાદ સલીમ લોહિયા)**
**પ્રિન્સિપાલ સિવિલ જજ**
**કઠલાલ.**
**કોડ નં.જી.જે.૦૧૬૭૬**